શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬

અંક : ૩

## કૃષિ જૈવિક વિવિધતા સંરક્ષણ

કૃષિ આધારિત જૈવિક વિવિધતા સંરક્ષણ કરવાની જરુરિયાત અને તેનુ મહત્વ સમજવા જાફરાબાદ તાલુકાના ખેડુતો સાથે એક કાર્યશાળા તા. ૯/૩/૧૪ ના રોજ ફાચરીયા ગામમા યોજવામાં આવી હતી.

સંસ્થાના કારોબારી સભ્યશ્રી ભરતભાઈ વાળા એ સંસ્થા પરિચયથી કાર્યશાળાનો આરંભ કર્યો હતો. ત્યાર પછી જૈવિક વિવિધતાને સમજવા શ્રી રામકુભાઈ ખુમાણે આ વિસ્તારમાં ચાલતી ખેતી આધારીત પ્રવૃતિઓની વિગતો આપી હતી. શ્રી વિપુલભાઈ શેલડીયાએ સૂક્ષ્મ પિયતને જૈવિક વિવિધતા સંરક્ષણ સાથે સાંકળી ખેડૂતોમાં સમજ બનાવી. શ્રી અશોકભાઈ શેલારે જૈવિક વિવિધતાનો નિયમ – ૨૦૦૪ અન્વયે બાયોડાયર્વર્સિટી મેનેજમેન્ટ કમિટી બનાવી (બીએમસી) આપણાં ગામની જૈવ સંપતિ જેમ કે, પક્ષીઓ, પશુઓ વૃક્ષો વગેરેના મુલ્ય વિશે જાણવું અને તેનુ સંરક્ષણ કરવું જોઈએ જે આપણી નૈતિક ફરજ છે તેમ જણાવ્યુ હતું. શ્રી રાજેશ રાઠોડે આ રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ પર્વ નિમિતે બાયોડાયર્વર્સિટી એકટ મુજબ રચવાની થતી કમિટી (બીએમસી) તથા જૈવ સંપદાની માહિતી રાખવાના રજીસ્ટર પીબીઆર (પીપલ્સ બાયોડાયર્વર્સિટી રજીસ્ટર) અંગે સમજુતી આપી હતી. જાણીતા વનસ્પતિ શાસ્ત્રી શ્રી બીપીનભાઈ જોષીએ જૈવિક વિવિધતા વિશે માહિતી આપતા બીટી કોટન તથા શીતળાની રસીના ઉદાહરણો આપ્યા હતા. દરેક જીવો પરસ્પર ઉપયોગમાં કઈરીતે આવે છે તે ઉદાહરણો સાથે સમજાવ્યુ હતુ. જૈવિક વિવિધતામાં વનસ્પતિ ઓળખવી પણ એક મહત્વની બાબત છે તેમ જણાવી તેઓએ

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

*શિક્ષકો કોઈપણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે.*

દુનિયાનો સારામાં સારો ખેડુત એક ચીનમા અને બીજો આપણા સૌરાષ્ટ્રમાં છે તેમ જણાવ્યુ હતુ. સંસ્થાના ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયાએ સ્થાનિક લોકોનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે કૃષિ પશુપાલન અને જાહેર સ્વાસ્થ્ય માટે સંસ્થાએ શરુ કરેલ લોકો સાથેના જ્ઞાન આધારિત પ્રોત્સાહન કાર્યમાં સામેલગીરીથી કાર્યો સફળ રહયા છે. આ વિસ્તારના ૧૦ ગામોમાં બીએમસી અને બે ગામોમાં પીબીઆર તૈયાર કરી જૈવ સંપદાનો ઉપયોગ કરી તેમાથી ભંડોળ ઉભું થાય તો તેમાથી લોકોની આજીવિકાના વિકલ્પો મળશે અને જૈવિક વિવિધતા સંરક્ષણ માટે માહિતી અદ્યતન રહેશે.

છેલ્લે પ્રશ્નોતરીમાં ખેડુતોના રસપ્રદ પ્રશ્નો રજુ થયા તેમાં વિપુલભાઈ શેલડીયા તથા બિપીનભાઈ જોષીએ પ્રત્યુતર પાઠવ્યા હતા. ફાચરીયાના સરપંચશ્રીએ આભાર સહ કાર્યક્રમનુ સમાપન કર્યુ હતુ. સમગ્ર વ્યવસ્થામાં શ્રી સુરેશભાઈ ગોહિલને વિપુલ સુહાગીયા તથા વશરામ સોલંકી સહિત ગ્રામજનોનો સહયોગ રહયો હતો.



**કેળવણી એ સરકારનુ ખાતુ નથી પણ સરકાર એ કેળવણીની એક શાખા છે.**

## ટેન્શન મુકિત – ૧૦ સરળ ઉપાયો

ટેન્શન આપણા માટે દરેક રીતે નુકશાનકારક છે. ઘણીવાર ખબર જ પડતી જ નથી કે, આપણે ટેન્શનમાં જીવીએ છીએ. તેને સમજી ન શકવાના કારણે આપણે આપણી જાતને મુશ્કેલીમાં મુકી દઈએ છીએ. ટેન્શનમાથી મુકિત મેળવવા ૧૦ સરળ ઉપાયો જોઈ લઈએ.

૧. તૈયાર રહો : જીવનમાં આવતી ચડતી પડતી માટે પોતાની જાતને અગાઉથી માનસિક રીતે તૈયાર રાખો. તમે અગાઉથી અનુમાન કરી શકયા હોવ કે, ભવિષ્યમાં તમારે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે તો માનસિક રીતે તેના માટે પહેલાથી જ તૈયારી કરો. આનાથી મુશ્કેલી ભલે ટળી ન શકે પરંતુ તમને માનસિક બળ જરૂર મળશે.

૨.સામાજીક સહયોગ : માનસિક દબાણ કે તાણ વખતે તમે મિત્રો સગા સંબંધીઓ વચ્ચે રહો કારણકે તેનાથી વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની તમને હૂંફ મળે છે અને હિંમત પણ મળે છે.

૩. વિશ્વાસ રાખો : તમારા કાર્ય અને વિચારોનું મૂલ્યાંકન કરો. તમારી જાત પર ભરોસો રાખો. શું બની રહયું છે અથવા શું ચાલી રહયું છે એ વાતની માહિતી રાખો એનાથી તમને તમારા પ્રશ્નો વિશે સ્પષ્ટતા થશે તમને તમારૂં લક્ષ્ય જોવાની સ્પષ્ટ દ્રષ્ટિ મળશે એ લક્ષ્યને પ્રાપ્ત કરવાની મદદ મળશે.

૪. કોમ્યુનિકેશનઃ તમે તમારી ઈચ્છાઓ અને વિચારો ને સ્પષ્ટ રીતે બીજા સમક્ષ વ્યકત કરો પરતું એમાં ઈમાનદારી રાખો. પોતાના ભાવોને બીજા આગળ વ્યકત કરવાથી તેમ તાણમાંથી મુકત રહી શકો છો. તમારા પારિવારિક અને પ્રોફેશનલ સબંધો સારા બનશે.

૫. સત્ય ને સ્વીકારોઃ એક વાત હંમેશા યાદ રાખો કે, તમે દબાણ હેઠળ છો તો પણ સત્યને સ્વીકારો અને મુશ્કેલી ઓનો સામનો કરો. મુશ્કેલી ઓથી ભાગી છુટવાથી કશું નહી મળે.

૬. દવાનો ઉપયોગ ટાળોઃ આલ્કોહોલ, કોફીન અને સેડેટિવ્સનું સેવન હાનીકારક છે.

૭. દઢનિશ્ચયી બનોઃ બીજા લોકો સાથેના આપણા સંબંધો સંતોષજનક હોઈ શકે છે અને દુઃખદાયક તથા તાણભર્યા પણ. કયારેક મકકમ રહેવું મુશ્કેલ છે પરંતુ મકકમતા અને દઢનિશ્ચયી તમને તાણમાંથી મુકિત કરશે.

૮.જીવનશૈલીઃ તમે શારીરિક રીતે ફીટ અને સ્વસ્થ છો તો તમને તાણમાંથી મુકત રહેવામાં ધણી મદદ મળે છે. તમારી શકિત અને સંતુલનને જાળવી રાખવા માટે અને દરરોજના પડકારોનો સામનો કરવા માટે સમતોલ અને પૌષ્ટિક ભોજન કરો. દરરોજ યોગ–પ્રાણાયામ અને કસરત કરો. પૂરતી ઉંઘ લો અને થોડો સમય કાઢી જીવનને માણો.

૯. પ્રોફેશનલ સહાયઃ તમે તમારી તાણને દુર કરવામાં અસમર્થ બનો અને સમસ્યા વધી રહી હોય તો કોઈ મનોચિકિત્સકની સલાહ લો. એ તમને ધણા મદદરૂપ થશે.

૧૦.સમસ્યા ઉકેલઃ સમસ્યા વિશે જાણવું જ પૂરતું નથી. તમે સાચી અને વૈજ્ઞાનિક રીતે સમસ્યાને સમજી તાણને કેવી રીતે દુર કરવી એને પણ સમજી, સમસ્યા ઉકેલો. સમસ્યા ઉકેલવી એ જ સૌથી ઉતમ રસ્તો છે. સૌથી મહત્વની વાત છે. સમસ્યાઓ ઉભી ન થાય એવી જીવનશૈલી બનાવો.

***શિક્ષકનુ જીવન અનેક દિપકોને પ્રગટાવવાનુ છે.***

## કૌશલ્ય વર્ધન તાલીમ

સરકારશ્રીની નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરની બહેનોને મોડયુલ–૧ તથા મોડયુલ–૨ની કૌશલ્ય વર્ધન તાલીમો આપી તેઓનુ પુનઃસ્થાપન કરવા આ માસમાં સીવણકામ અને ભરતકામની તાલીમોના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. અમરેલી જીલ્લામાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ૧૨ કેન્દ્રો પર ૨૮૨ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહયા છે. તાલીમ બાદ તેઓ સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે તે માટેની જે તે ટ્રેડની કામગીરીમાં કુશળતા પ્રાપ્ત કરી શકે તે પ્રકારે હાલ આ બહેનો તાલીમ લઈ રહયા છે. તમામ તાલીમાર્થીઓને તાલીમ પુર્ણ થયે તેઓ પોતાનો રોજગાર શરુ કરી શકે તે માટે જે તે ટ્રેડને અનુરુપ રોજગાર કીટ આપવામાં આવનાર છે.

## સ્ટાફ તાલીમ અને ટીમ મીટીંગ

કાર્યકરોની ક્ષમતાવર્ધન અને કુશળતામા વધારો થાય એ માટે તા.૧/૩/૧૪ના રોજ સ્ટાફ ટ્રેનીગ યોજાઈ. તાલીમકાર તરીકે શ્રી નટુભાઈ મકવાણાએ સેવા આપી હતી. જેમાં પ્રોજેકટ ચક્ર, સંઘર્ષ નિવારણ, વર્તન, વલણો, દરેક પ્રોજેકટનું કન્વરજન્સ, ટીમવર્ક, અસરકારક અમલીકરણ, વ્યકિતગત જવાબદારી / ભુમિકા, મોનીટરીગ, પ્રોજેકેટ મેનેજમેન્ટ આયોજન પ્રોજેકટ સમીક્ષા વિગેરે સમજવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

તા.૧/૩/૧૪ના રોજ સ્ટાફ મીટીંગમાં ગત માસની સમીક્ષા તથા આયોજન પર ચર્ચા કરી સંસ્થામાં ચાલી રહેલી પ્રવૃતિઓમાં વ્યકિતગત જવાબદારીની કરવામાં આવી અને તેના આધારે કામનુ દૈનિક આયોજન કરી દરેક કાર્યકરોએ સંસ્થામાં રજુ કર્યુ.





**બાળક એક જ્યોત છે જેને પેટાવવાની છે.**

## પ્રેરણા પ્રવાસ

સરકારશ્રીની મિશન મંગલમ યોજના હેઠળ રચાયેલા સ્વસહાય જુથોના બહેનો કે જેઓ કૃષિ, પશુપાલન અને બાગાયત ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. તેઓને તેમના વ્યવસાયમાં માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી વ્યવસાયને અનુરૂપ તાલીમ તથા વ્યવસાય કરવા પ્રેરણા મળી રહે તેવા સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત યોજવાના હેતુથી જુનાગઢ જિલ્લાના કેશોદ, વંથલી, મેંદરડા તાલુકાઓના ૩૦૦ બહેનોનો એક દિવસીય પ્રેરણા પ્રવાસ તા.૭/૩/૧૪ ના રોજ જુનાગઢ કૃષિ યુર્નિવસિટી ખાતે યોજવામાં આવ્યો હતો.

દુધની બનાવટો પાઉડર, ઘી, મલાઈ તેમજ દુધ તથા દહીના પેકીંગ બનાવવા અને કલેકશન સેન્ટરથી ડેરી સુધી દુધ પહોંચાડવાની પ્રક્રિયા પ્રત્યક્ષ દર્શાવવામાં આવી હતી. આમ, ડેરી ઉદ્યોગ કરવા સ્વસહાય જુથના આ બહેનોને સંપુર્ણ માહિતી મળી હતી.

ડો. રામકૃષ્ણ એમ. જોષીએ પશુ ઉછેર કેન્દ્રની માહિતી આપી હતી. જેમાં જાફરાબાદી ભેંસ તથા ગીર ગાયના ઉછેરની વિગતો આપી હતી તેમજ દુધના ફેટ માપવાની પધ્ધતિ સમજાવી હતી.

બેકરી બનાવવાના તાલીમ કેન્દ્રની મુલાકાત કરવામાં આવી હતી. જેમાં બ્રેડ બિસ્કીટ વિગેરે બેકરીની આઈટમો બનાવવામાં આવતી હતી આ તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓ રૂા. ૩૫૦/– ફી ભરી તાલીમ લઈ રહયા છે.

ડો.એમ. બી. કપોપરાએ બેકરીમાં બનાવવામાં આવતી આઈટમોની પ્રત્યક્ષ રીતો બતાવી તેમજ ત્યાં તાલીમ લઈ રહેલા બહેનોની મુલાકાત કરાવી. સ્વરોજગારી કઈ રીતે મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપેલું.





**તમે ન બોલો તમારા કામને બોલવા દો.**

## ઓરીએન્ટેશન અને કાર્યશાળા

દરેક નાગરીકનો જે જીવન જીવવાનો અધિકાર છે તેમા બાળક પણ આવે પરંતુ બાળકોના અધિકાર તરફની આપણી બેદરકારી તેમના આ અધિકારોથી તેમને વંચિત રાખે છે. તેની સમજ બાળકોને મળે તે માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી દ્વારા બાબરા, જાફરાબાદ તથા ઉના તાલુકાના કાર્યવિસ્તારના તમામ ગામોમાં શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો તથા જનસમુદાયના સભ્યો સાથે ઓરીએન્ટેશન કાર્યક્રમો યોજયા તેમજ આ ગામોની દરેક પ્રાથમિક શાળાઓમા બાળ અધિકાર પર બાળકો સાથે કાર્યશાળાઓ ફેબ્રુઆરી તથા માર્ચ માસ દરમ્યાન યોજી. જેમાં જીવન જીવવાનો અધિકાર, વિકાસ શિક્ષણ નો અધિકાર, રક્ષણનો અધિકાર, સહભાગીતાના અધિકારો પર જુદી જુદી રમતો, બાલગીતો, પપેટ શો, વાર્તા વિગેરે દ્વારા સમજ આપવામા આવી.

## બાળકોના અધિકારો અને કાયદાઓ પર રાજયસ્તરીય કાર્યશાળા

બાળકોના અધિકારની ચળવળ સામુહિક સંગઠન સ્વરૂપે વિકસતી થઈ છે. બાળકોના હિતોની રખેવાળી થાય તેમજ તેને ધ્યાને લઈ વિકાસશીલ નીતીઓ અને કાયદાઓ બન્યા છે. તેના અમલીકરણ માટે સરકાર અને સમાજ આગળ આવે અને બાળકોને યોગ્ય ન્યાય મળે. બનેલા જુદાં જુદાં કાયદાઓની સમજ બાળ અધિકારો ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાના કાર્યકરોમાં વધે તે માટે બાળ અધિકાર સમુહ ગુજરાત તથા શૈશવ સંસ્થા ભાવનગર દ્વારા બાળકોના અધિકાર અને કાયદાઓ દ્વારા બાળકોના અધિકાર કાયદાઓ પર રાજયસ્તરીય કાર્યશાળા પીએનઆર સોસાયટી ભાવનગર મુકામે તા.૧૧/૧૨ માર્ચ ૨૦૧૪ ના રોજ યોજાઈ ગઈ જેમાં ગુજરાતની જુદી જુદી સંસ્થાના કાર્યકરો સહભાગી થયા. જેમાં નીચેના વિષયો પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

૧) બાળકોના અધિકારો
૨) સંકલિત બાળ સુરક્ષા યોજના
૩) જુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૦૦
૪) બાળમજુરી પ્રતિબંધન ધારો–૧૯૮૬
૫) શિક્ષણનો અધિકાર (આરટીઈ) ૨૦૦૯
૬) બાળકોના જાતીય સતામણીનો કાયદો
૭) નેશનલ પોલિસ ફોર ચિલ્ડ્રન–૨૦૧૩

આ કાર્યક્રમમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના આ કાર્ય સાથે સંકળાયેલા કાર્યકરો શ્રી અશોકભાઈ શેલાર, હિતેષ ગોંડલીયા તથા પરેશ સોલંકીએ ભાગ લીધો હતો. બાળકો સાથેના આ કાર્ય માટે તેઓની સમજ સ્પષ્ટ બની જે તેઓને કરવાના થતાં કાર્યોમાં તથા લોકો તેમજ બાળકો સાથે સંવાદ રચવામાં ખુબજ ઉપયોગી થશે તેમ તેઓએ જણાવ્યુ હતુ.

**શિક્ષકનુ અગત્યનું મિશન છે બાળ અને યુવાચિતને પ્રજવલિત કરવાનુ.**

## લેપ્રસી કોલોનીના સભ્યોની તાલીમ

સંસ્થાએ છેલ્લા એકાદ વર્ષથી આરોગ્યના કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની જુનાગઢ તેમજ ભાવનગરની રકતપિત કોલોનીઓના સભ્યો સાથે તેમની આજીવિકા સંદર્ભે કામ કરવાની જવાબદારી સ્વીકારેલ છે. આ માટે કોલોનીના જે સભ્યો જે જુથમાં રહી જે વ્યવસાય કરવા માટે સહમત થયા છે તેમને સાસાકાવા સંસ્થા લોન રૂપે સહાય ઉપલબ્ધ કરાવવાની છે. સંસ્થા કોલોનીના સભ્યોની સાથે રહી તેમના ક્ષમતાવર્ધન અને ઉત્પાદનના માર્કેટીંગ માટે મદદરૂપ થવાની છે.

આ કામ માટે સંસ્થાએ બંન્ને કોલોનીના લાભાર્થીઓ માટે એક દિવસની એકાઉન્ટ અને સીસ્ટમ ડેવેલોપમેન્ટ માટે જે તે કોલોનીમાં તા.૧૫ તથા ૧૬ માર્ચના રોજ તાલીમનું આયોજન કરેલ હતું.





### જીવનના સાત પગલા

૧) જન્મ: એક અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે.
૨) બચપન: મમતાનો દરિયો છે, પ્રેમનો ભરિયો છે, જે ડૂબી શકયો તે તરિયો છે.
૩) તરુણાવસ્થા: વિચારો, આશાનો પહાડ છે, મેળવવાની અનહદ આશ છે, લૂટવાની તમન્ના છે.
૪) યુવાવસ્થા: જોશ ઝનૂન સાથે બંધ આંખોનું સાહસ, ફના થવાની ઉમ્મીદો, કૂરબાનીની આશાઓ, લૂંટાઈ જવાની ખ્વાહિશ છે.
૫) પ્રૌઢાવસ્થા: ખૂદને માટે કંઈ ન કરી શકતાં મેળવીને આપવાની ખૂશી છે, કુટુંબ માટે કુરબાન થવાની જીજીવિશા છે.
૬) ઘડપણ: વિતેલા જીવનનો સરવાળો છે, જેવું વાવ્યું હતું લણવાનો સમય છે.
૭) મુત્યૃ: પુણ્યનો મર્મ ખૂલશે, કર્મ ધર્મનો હિસાબ થશે, સ્વર્ગ નર્કનો માર્ગ થશે, પોતાનાનો પ્યાર છૂટશે.

**નવીનીકરણ દ્વારા જ જ્ઞાનને સમૃધ્ધિમાં પલટાવી શકાય છે.**

## Engage on this month

- 1-2 Staff training and monthly meeting
- 6 Visit to Avirat Company and meet some board members & staff team with CSPC
- 7 Workshop on Right to Education Act at Sanosara
- 7 Exposure visit for SHGs members of Junagadh district
- 9 Biodiversity workshop under NEAC at Facharia
- 11-12 Workshop on child issues by CRCG at Bhavnagar
- 15-16 Capacity building program for leprosy colony members of Junagadh and Bhavnagar
- 19 Meeting for study on domestic violence act at Rajkot
- 21 Meeting on Sanitation issues at Gujarat vidhyapith by Pravah

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

## Happy Birthday

| | | |
|---|---|---|
| 1 | Atul R Agravat | 25-04-1974 |
| 2 | Bharat V Pada | 01-04-1978 |
| 3 | Chandrika Mahida | 05-04-1985 |
| 4 | Gaurishankar Bamta | 20-04-1954 |
| 5 | Harsur N.Solanki | 18-04-1981 |
| 6 | Hetal J Vekariya | 22-04-1991 |
| 7 | Mira A Pathak | 20-04-1983 |
| 8 | Vipul H Sheladiya | 29-04-1977 |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મારૂ જીવન એ જ મારો સંદેશ - ગાંધીજી**